# ગાંધીનગર ભાજપમાં ચાલતા દેકારા-પડકારા પક્ષના મોભીઓને સંભળાય છે ખરાં..?!!

ભલે દેશમાં ભાજપના ડંકા વાગતા હોય પણ ગાંધીનગરમાં તો ડાકલા વાગે છે. દેકારા ને પડકારાની વચ્ચે શિસ્તના લીરેલીરા ઉડી રહ્યા છે. અને બધા જ જુથો કોઠી ધોઈ ધોઈને કાદવ ઉછાળે છે. નવાઈની વાત તો એ છે કે કોઈ કોઈને રોકતુ નથી, કોઈ કોઈને ટોકતુ નથી. ગાંધીનગરમાં ભાજપના મુખિયાઓ રહે છે એમની એક લાલ આંખથી નખત્રાણા કે નવસારીના કાર્યકરો અદબ-પલાંઠી વાળીને બેસી જાય પણ અહી તો ‘દિવા તળે અંધારા’ની જેમ બન્ને જુથોએ માત્ર બથંબથ્થા આવવાનું બાકી રાખ્યું છે. આ વર્ચસ્વની લડાઈ છે સત્તાની ખેંચતાણ છે. સૌને છવાઈ જવું છે અને તે પણ કોઈક ને પાડીને..!! ભલે કોઈ માને કે ના માને, નુકસાન અ પક્ષ કે બ પક્ષને નથી થતું નુકશાન ભારતીય જનતા પાર્ટીને થાય છે. નુકશાન ગાંધીનગરના સમાજજીવનને થાય છે. નુકશાન ગાંધીનગરના નેતૃત્વને થાય છે.

સાહેબ...! ગાંધીનગરની માટીના કણે કણમાં સત્તાની સાઠમારીની સુગંધ વણાઈ ગઈ છે એ આ મંડળ હોય કે પેલુ મંડળ હોય અહીં આ સંસ્થા હોય કે પેલી સંસ્થા હોય... અહીં આ જુથ હોય કે પેલું જુથ હોય... વર્ચસ્વની લડાઈ સતત ચાલતી રહે છે અને રહેશે.

**સમયસર**

કારણ કે આ ગાંધીનગરના પાણીનો પ્રતાપ છે. અહીંયા ગુરૂતા ગ્રંથીનું સામ્રાજ્ય છે. અરે આ તો સાહેબોનું શહેર છે! કોઈ કોઈનું માને શાનું..? એટલે જ ગાંધીનગર ભાજપમાં યાદવાસ્થળી ચાલુ છે. અહીંયા પોતે શું બોલે છે એના કરતાં સામેવાળા શું બોલે છે એના ઉપર નજર વધારે છે. પણ અગાઉ ઉલ્લેખાયેલ મુજબ કે ભાજપના પ્રદેશ નેતૃત્વને એવી કઈ લાચારી છે કે આ કાદવ ઉછાળવાની પ્રવૃત્તિને રોકી શકતા નથી કે ટોકી શકતા નથી. આ એક બે દિવસની વાત જ નથી..! બે વરસથી ચાલતો છાનો છપનો સંઘર્ષ સપાટી પર આવ્યો છે. કોઈ પણ રાજકીય પક્ષમાં જોડાયેલ દરેકને મહત્વાકાંક્ષા હોય જ પણ સાથે સાથે મર્યાદા પણ હોય..! નિયમ પણ હોય, નિતી પણ હોય અને ભાજપને સૌથી ગમે છે તેવી શિસ્ત પણ હોય. પણ અહીં તો રામ રાજ્ય...!!

ભાજપ હોય કે કોંગ્રેસ હોય... ગાંધીનગર હોય કે અમદાવાદ હોય... સત્તાનો સંઘર્ષ હોય હોય ને હોય જ... પરંતુ મર્યાદામાં હોય... કોઈક એને રોકે... નિયમ બતાવે... લાલ આંખ કરે... ન માને તો ચુંટલો ખણે અને છતાંય ન માને તો ડંડો ઉગામે... પણ અહીં તો કાંઈ નહી..!! ચિંતા ભાજપની કે જુથબંધીની નથી... ચિંતા એ છે આજે પક્ષોમાં ચાલતુ વર્ચસ્વનું યુદ્ધ કાલે પરિવારોમાં પડઘા અને પ્રતિબિંબ સ્વરૂપે પ્રગટશે. ચિંતા એ છે કે આ લડાઈનો ચેપ પ્રસરીને સમાજને વહેંચી લેશે કે શું..?! માટે જ સ્થિતિ વધારે વણસે તે પહેલા પક્ષના મોભીઓ જાગે અને ગાંધીનગરના જનજીવનને પ્રદૂષિત થતાં અટકાવવામાં એક આહુતિ આપે એવી અપેક્ષા સમય રાખે છે.

# ૨૮મી ઓક્ટો. સુધી ગરમીનો પ્રકોપ યથાવત્ રહેવાનુ પૂર્વાનુમાન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ૨૮મી ઓક્ટો. સુધી ગરમીનો પ્રકોપ યથાવત રહેશે. ગરમીના પ્રકોપને લઈ લોકો કંટાળી ગયા છે. નવરાત્રી પર્વ પૂર્ણ થવાને આડે હવે ગણત્રીના દિવસો પછી પણ ઠંડી હજુ ન આવતાં રવિ સીઝનનું વાવેતર થોડુક મોડુ થાય તેમ મનાઈ રહ્યું છે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાન વિભાગ દ્વારા દર સપ્તાહે કૃષિ સલાહ બુલેટીન જારી કરવામાં આવે છે. તેના ૫૯મા અંકમાં ખેડૂતોને સલાહ આપતાં જણાવાયુ છે કે આગામી પાંચ દિવસ આકાશ ચોખ્ખુ રહેશે. વરસાદ પડવાની સંભાવના નથી.

આ બુલેટીનમાં જણાવાયા મુજબ મહત્તમ તાપમાન ૩૬-૩૭ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૨-૨૪ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૨ થી ૪૧ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૪ થી ૧૦ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

ખેડૂતોને સલાહ આપતા આ બુલેટીનમાં જણાવાયુ છે કે અસરકારક નીંદણ નિયંત્રણ અને જમીનમાં ભેજને સંગ્રહી રાખવા માટે વરાપ થયે હાથ નિંદામણ તથા આંતરખેડ કરવી. દિવેલા અને કપાસમાં વરાપ થયેથી ભલામણ મુજબ ખાતર આપવુ. રોગ-જીવાતની સંભાવનાને ધ્યાને રાખી નિયંત્રણ માટે જરૂરી પગલાં ભરવા. ઉભા પાકમાં જરૂરિયાત મુજબ પિયત આપવુ અને પરિપક્વ પાકની કાપણીની કામગીરી હાથ ધરવી.

રવિ પાક જેવા કે રાઈ, વરિયાળી, બટાટા, જીરૂ, ઘઉં અને ચણાના વાવેતરનું આયોજન કરવુ.


**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી**



**સ્વ. ભુપેન્દ્રભાઈ એન. પંડયા**

**સ્વ. તા.૨૪/૧૦/૨૦૧૯**

આંખો હજી નિહાળે છે તમને, અંતર હજી પોકારે છે તમને,
સ્મરણ થાય છે ત્યારે મન મુકીને યાદ કરાવીને રડાવે છે અમને
મન માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી, આપની હયાતી અમારી પ્રેરણા હતી
પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અપે એજ પ્રાથના.

**ગં.સ્વ. ભારતીબેન બી. પંડયા**

હિરલભાઈ બી. પંડયા | ધ્યેય એચ. પંડયા | જીજ્ઞા એચ. પંડયા
કેતનભાઈ બી. પંડયા | વિધી કે. પંડયા | કવિતા કે. પંડયા



**વોડાફોન આઈડિયા લિમિટેડ** Vi

(અગાઉની આઈડિયા સેલ્યુલર લિમિટેડ)

નોંધણીકૃત કાર્યાલયઃ સુમન ટાવર, પ્લોટ નં. 18, સેક્ટર-11, ગાંધીનગર – 382 011, ગુજરાત
CIN: L32100GJ1996PLC030976 ફોનઃ +91–79–66714000 ફેક્સઃ +91–79–23232251
ઈમેઈલઃ shs@vodafoneidea.com વેબસાઈટઃ www.vodafoneidea.com

અત્રે સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) નિયમન 2015ના નિયમન 47 સાથે વાંચતાં નિયમન 29 અંતર્ગત **નોટિસ** આપવામાં આવે છે કે 30મી સપ્ટેમ્બર, 2020ના રોજ પૂરા થયેલા બીજા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક માટે કંપનીનાં અનઓડિટેડ નાણાકીય પરિણામો, સાથોસાથ, વિચારણામાં લેવા અને મંજૂરી આપવા, ગુરુવાર, 29મી ઓક્ટોબર, 2020ના રોજ કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મિટિંગ યોજાશે.

આ નોટિસમાં સમાવિષ્ટ માહિતી કંપનીની વેબસાઈટ **www.vodafoneidea.com** પર તેમ જ શેરબજારોની વેબસાઈટ, એટલે કે, બીએસઈ લિમિટેડ **www.bseindia.com** અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ **www.nseindia.com** પર પણ ઉપલબ્ધ છે.

વોડાફોન આઈડિયા લિમિટેડ વતી

સહી / -
પંકજ કાપડેવ
કંપની સેક્રેટરી

સ્થળઃ મુંબઈ
તારીખઃ 23મી ઓક્ટોબર, 2020



**GUJARAT STATE WAQF BOARD**

**ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ**

Dr.jivrajbhai Mehta Bhavan, Block No.8, Gandhinagar.
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ગાંધીનગર.
વકફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬ — તા.૨૧-૧૦-૨૦૨૦

**વિષય :-“હઝરત તાજુદ્દીન બાવા (ર.અ.) દરગાહ અને કબ્રસ્તાન વક્ફ કમિટી”**

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **મન્સુરી હુસેનભાઈ મહંમદભાઈ મું.રાંધેજા જિ.ગાંધીનગર**નાઓએ મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલકત વકફ/જંગમ/સ્થાવર મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલકતની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો અને તાલુકો | ગામ/મુ.પો. /ઠે. | મિલકતનો પ્રકાર | સર્વે નં./મિલકત નં. | ચો.મી. |
|---|---|---|---|---|
| તા.ગાંધીનગર જિ.ગાંધીનગર | મુ.પો. રાંધેજા | કબ્રસ્તાન મસ્જિદ | સીટી સર્વે નં.૧૧૩૮ મિલકત નં.૧૩/૧૩,૧૩/૧૨ | ૨૩૭૮ |

ઉક્ત જણાવેલ સ્થાવર મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધા સૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમયમર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(આઈ.આર.મનસુરી)
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર.


# રૂપાલમાં પરંપરાગત પલ્લી નિકળશે નહીં... ઐતિહાસિક ઘટના

## રૂપાલ ગામમાં બજાર પણ તા ૨૪ ઓક્ટોબરથી ૨૬ મીની સવાર સુધી બંધ રહેશે : માત્ર જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓનુ જ વેચાણ થશે : ગ્રામ પંચાયત





ગાંધીનગર તા ૨૩

કોરોનાકાળમાં તહેવારોની ઉજવણી બંધ છે. અલબત્ત છેલ્લા આઠ મહીના દરમિયાન આમ નાગરિકોમાં ઉત્સાહનો સંચાર કરતા તહેવારોની ઉજવણી આડે કોરોનાનુ ગ્રહણ છે. ત્યારે નવરાત્રિ મહોત્સવમાં પણ આ વર્ષે ગરબાને મંજુરી ન અપાતા જાહેર સ્થળો પર ગરબાનુ આયોજન થયુ નથી. ત્યારે દેશ દુનિયામાં ભાવિકોની આસ્થાનુ કેન્દ્ર સ્થાન સમા રૂપાલની પલ્લીનુ પણ યોજાશે નહીં. પાંડવકાળથી યોજાતા વરદાયિની માતાના પલ્લી રથના દર્શને દરવર્ષે લાખો ભાવિકો દર્શન માટે આવે છે. જયારે લાખો કીલો ઘીનો અભિષેક પણ થાય છે ત્યારે આ વર્ષે રૂપાલ પલ્લી મેળાનુ આયોજન કરવામાં આવશે નહીં જે એક ઐતિહાસિક ઘટના બની રહેશે.

કોરોના કાળમાં ઘરમાં પુરાયેલા નાગરિકો અનલોકના તબક્કાવાર એલાન બાદ હજુ સુધી કોઈપણ ધાર્મિક કે સાંસ્કૃતિક કાર્યક્રમો ઉજવતા નથી. અત્યાર સુધી પવિત્ર શ્રાવણ માસ, રક્ષાબંધન,ગણેશોત્સવ, નવરાત્રિ સહીતના તહેવારોની ઉજવણી ઘર પુરતી જ સિમિત રહી ગઈ છે. હાલ નવરાત પર્વ પણ આખરી તબક્કામાં છે. ત્યારે દર વર્ષે રૂપાલ ગામમાં વરદાયિની માતાનો ભવ્ય પલ્લી મેળો પણ યોજવામાં આવે

● અનુસંધાન પાન-૭ પર



મહાઅષ્ટમીની આરતી - ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા કોરોના આચારસંહિતાના અનુપાલન સાથે મર્યાદિત સભ્યો દ્વારા મહાઅષ્ટમીની આરતી યોજાઈ ત્યારે ‘માઁ’ના ફોર્મેશનથી કલ્ચરલ ફોરમે પરંપરા જાળવી માતાજીની આરતી ઉતારી હતી... પ્રતિવર્ષ હજ્જારો દિવડાના માધ્યમથી વૈવિધ્ય પ્રતિકૃતિ રચી કલ્ચરલ ફોરમે આગવો ઈતિહાસ રચ્યો છે... પરંતુ આ વર્ષે કોરોના ગ્રહણને કારણે માત્ર કાર્યવાહક સમિતિના સિમિત સભ્યો દ્વારા જ દરરોજ માતાજીની આરતી ઉતારવાનો ક્રમ જાળવ્યો હતો...

# ગુજરાતી સાહિત્ય પરિષદની ચૂંટણીમાં પ્રકાશ ન. શાહનો વિજય

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતી સાહિત્ય પરિષદના બહુ ચર્ચિત પ્રમુખપદ માટે યોજાયેલા જંગમાં ‘નિરીક્ષક’ના તંત્રી તથા જાણીતા કટારલેખક-વકતા પ્રકાશ ન. શાહનો વિજય થયો છે. વર્ષ-૨૦૨૧થી ૨૦૨૩ માટે પ્રમુખપદની યોજાયેલી ચૂંટણીમાં પ્રકાશ ન. શાહને ૫૬૨ મત મળ્યા હતા જયારે તેમના નજીકના પ્રતિસ્પર્ધી હર્ષદ ત્રિવેદીને ૫૩૩ જયારે હરિકૃષ્ણ પાઠકને માત્ર ૧૯૭ મત પ્રાત થયા હતા.

છેલ્લાં કેટલાંક દિવસથી ગુજરાતી સાહિત્ય પરીષદનો ચૂંટણી જંગ રસપ્રદ તબક્કામાં પહોંચ્યો હતો જેમાં અંતે ગુજરાતના જાણીતા પત્રકાર, કટાર-લેખક, સંપાદક અને



નિરીક્ષક વિચારપત્રનું સુકાન સંભાળી રહેલા ૮૧ વર્ષીય પ્રકાશ ન. શાહે તેમના નજીકના હરિફથી ૨૯ મતે વિજય મેળવ્યો હતો. ગુજરાતી સાહિત્ય પરિષદની આ ચૂંટણીમાં કુલ મતપત્ર ૧૩૩૭ હતા જે પૈકી કુલ ૧૨૯૨ માન્ય મત પડ્યા હતા અને ૪૫ મત રદ થયા હતા. અમદાવાદ રહેતા પ્રકાશ ન. શાહ તેમની તેજાબી કલમ માટે જાણીતા છે. કટોકટીના સમયે તે બે વાર જેલવાસ પણ ભોગવી ચુક્યા છે. તેઓ હંમેશા સત્તારૂઢ સરકારના કડક આલોચક રહ્યાં છે અને નિર્ભિક લખાણ તથા અનોખી વિશ્લેષણ ક્ષમતા માટે જાણીતા છે. તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પદે તેમના અનુગામી સિતાંશુ યશેશચંદ્રનું સ્થાન લેશે.

● અનુસંધાન પાન-૭ પર

# સુપરસ્ટાર નરેશ કનોડિયાની તબિયત સ્થિર છે : હિતુ કનોડિયા

## યુ.એન. મહેતામાં કોરોનાની સારવાર લઈ રહેલા નરેશ કનોડિયાના અવસાનની અફવાઓને હિતુ કનોડિયાએ રદિયો આપ્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સેક્ટર-૮માં રહેતા ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર નરેશ કનોડિયાનું કોરના વાયરસના કારણે અવસાન નીપજ્યુ હોવાની અફવા આજે સોશિયલ મિડીયા પર વાઈરલ થવા પામી હતી. જોકે નરેશ કનોડિયાને કોરોના પોઝિટીવ આવતા અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે અને હાલ તેમની તબિયત સ્થિર હોવાનું તેમના પુત્ર હિતુ કનોડિયાએ જણાવ્યુ હતુ. હિતુ કનોડિયાએ તેમના પિતાનું અવસાન થયુ હોવાની અફવાઓને રદિયો આપતાં જણાવ્યુ હતુ કે નરેશ કનોડિયાની યુ.એન.



મહેતા હોસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી છે અને તેમની તબિયત સ્થિર છે. આ સાથે તેમણે પ્રસંશકોને તેમના દિર્ઘાયુ માટે પ્રાર્થના કરવા સાથે તેઓ જલ્દીથી સ્વસ્થ થઈને ઘરે પરત ફરે તે માટે પ્રાર્થના કરવા અનુરોધ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ એક-દોઢ વર્ષ પૂર્વે પણ એકવાર નરેશ કનોડિયાના અવસાન અંગે આ રીતે અફવા ફેલાઈ હતી પરંતુ ત્યારે તેઓ તદન સ્વસ્થ હતા.

# ગુરૂકુળના ત્રણ સંતો સહિત ૧૮ નવા કેસ

## શહેરમાં આજે સે. ૨૩ માંથી ૩, સે. ૮ માંથી ૩, સે. ૨ માંથી ૩, સે. ૫ અને સે. ૧૩ માંથી ૨-૨ કેસ મળવા ઉપરાંત સે. ૨૯, સે. ૭, સે. ૪, સે. ૧ અને સે. ૧૨ માંથી પણ કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાંથી આજે ૧૮ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૭૩૫ પર પહોંચી છે. શહેરમાં આજે ૭ જેટલી મહિલા દર્દીઓ નોંધાતાં તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે પણ મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ સારવાર મેળવતા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની કામગીરીનું ભારણ પણ વધી જવા પામ્યુ છે.

શહેરમાં આજે સે. ૨૩ માંથી ૩, સે. ૮ માંથી ૩, સે. ૨ માંથી ૩, સે. ૫ અને સે. ૧૩ માંથી ૨-૨ કેસ મળવા ઉપરાંત સે. ૨૯, સે. ૭, સે. ૪, સે. ૧ અને સે. ૧૨ માંથી પણ કેસો મળી આવ્યા છે.

સેક્ટર-૨૯માં રહેતા અને સે. ૭ માં પોલીસ તરીકે ફરજો બજાવતા ૩૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સેક્ટર-૫ જે કોરોના માટે અતિ સંવેદનશીલ બન્યુ છે ત્યાંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. જીએસટી કન્સલટન્ટ તરીકે સેવાઓ આપતી ૩૪ વર્ષીય મહિલા સંક્રમિત થઈ છે. આ ઉપરાંત વિધાનસભામાં રિપોર્ટર તરીકે ફરજો બજાવતા ૫૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૩ માંથી પણ આજે બે કેસ મળ્યા છે. ડ્રાયવર તરીકે ફરજો બજાવતા ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ઈન્કમટેક્ષ ઓફિસર તરીકે ઉદ્યોગભવનમાં ફરજો બજાવતી ૪૯ વર્ષીય

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં સતત બીજે દિવસે ૨૦ કેસ

## ગાંધીનગરમાં ૮, કલોલ-દહેગામ-માણસામાં ૪-૪-૪ કેસ : કુડાસણમાં પાંચ વર્ષ અને ૩ વર્ષની દિકરીઓ સંક્રમિત થઈ : દહેગામમાં માતા-પુત્ર સંક્રમિત થયા : સારવાર દરમ્યાન વધુ ૧ મહિલાનું મોત

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સતત બીજે દિવસે ૨૦ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. જિલ્લામાં આમ તો છેલ્લા સપ્તાહમાં સતત ચડાવ-ઉતાર વચ્ચે છેલ્લા બે દિવસથી ૨૦ કેસ મળતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ એક મહિલા દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. ગાંધીનગર તાલુકાની ૫૦ વર્ષીય મહિલાનું મોત થયાના સમાચાર સાથે જ તંત્રમાં પણ શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. જિલ્લામાં જે રીતે મૃત્યુદર વધી રહ્યો છે તેને કારણે તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં આજે ગાંધીનગરમાં ૮, દહેગામમાં ૪, માણસામાં ૪ અને કલોલમાં ૪ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાંથી ૧૩ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આજે નોંધાયેલા કેસોમાં બે નાના ભૂલકાંઓનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. પાંચથી વધુ મોટી ઉંમરના લોકો પણ સંક્રમિત થયા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

માણસા-દહેગામમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને કારણે તંત્રની દોડધામ પણ વધવા પામી છે. ગ્રામીણ વિસ્તારના વેપારીઓ સંક્રમિત થઈ રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

● અનુસંધાન પાન-૭ પર


**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં

**સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ** — SURMOUNT HOSPITAL — EMERGENCY 24 HOURS SERVICES

**સુવિધાઓ**
- આઈ.સી.યુ.ની સુવિધા
- 2D Echo
- અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિકવન્સી એકસ-રે મશીન
- સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
- એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
- મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

**ઉપલબ્ધ સારવાર**

**ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) — ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

**સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
- દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
- હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

**મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ–ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

**પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર ● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી–મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેકચરની સર્જરી

**કાન, નાક, ગળા વિભાગ** (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

**ન્યુરો સર્જરી વિભાગ** (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.

આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com